# પ્રવૃત્તિદર્શન

– સંકલન

❊ વૈશ્વિક સ્તરે ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે જાન્યુઆરી ૨૦૧૩ માં નવાં કીર્તિમાન સ્થાપ્યાં. અત્યાર સુધી વાઈબ્રન્ટ ગુજરાતની ૬ સમિટ યોજાઈ; જેમાં ઉદ્યોગ, વેપાર અને ટેક્નોલૉજીના વિષયો સમાવિષ્ટ હતા. પણ આ વર્ષે એમાં શિક્ષણના વિષયનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. દિ. ૯, ૧૦ જાન્યુઆરી, ૨૦૧૩ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા International Conference for Academic Institutions - 2013 (ICAI - 2013) પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU) ખાતે યોજવામાં આવી હતી, જેમાં વિશ્વની ૧૨૧ યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો. શિક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રયોગો, સંશોધનો અને જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવા માટે ગુજરાતની યુનિવર્સિટીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ સાથે સમજૂતી કરારો (MOUs) કર્યા.

**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ પણ નીચેની ૭ યુનિવર્સિટીઓ સાથે કરાર કર્યા.**



૧. માર્ટિન યુનિવર્સિટી ઑફ અમેરિકા

૨. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

૩. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી

૪. એસ. વ્યાસા યુનિવર્સિટી, બેંગ્લોર

૫. ગુજરાત વિદ્યાપીઠ

૬ જામનગર આયુર્વેદ યુનિવર્સિટી

૭. માનવરચના ઇન્ટરનેશનલ યુનિવર્સિટી, ફરીદાબાદ

❊ દિ. ૧૧, ૧૨, ૧૩ દરમિયાન વાઈબ્રન્ટ ગ્લૉબલ સમિટમાં મુખ્યમંત્રી મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થ નેતૃત્વમાં સેંકડો ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ લીડર્સ એકત્રિત થયા અને ગુજરાતને વેપાર-ઉદ્યોગનું આંતરરાષ્ટ્રીય મથક તરીકે પ્રસ્થાપિત કર્યું.

આ પ્રસંગે એક વિશાળ Knowledge Exhibition નું આયોજન પણ થયું હતું, જેનું ઉદ્‌ઘાટન મા. મુખ્યમંત્રીશ્રીએ દિ. ૦૮ જાન્યુઆરીના રોજ કર્યું. એમાં ગુજરાતની અનેક યુનિવર્સિટીઓ તથા શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓએ પોતાના Theam - વિચારને અભિવ્યક્ત કરવા માટે સ્ટોલ ગોઠવ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો સ્ટોલ પણ આપણે સજાવ્યો હતો જેની મુલાકાત અસંખ્ય શિક્ષણપ્રેમીઓએ લીધી. કુલ મળીને આશરે ૨૦ લાખ જેટલા મુલાકાતીઓ આ વિશાળ Exhibition જોવા આવ્યા હતા.





✻ ભણસાલી ટ્રસ્ટ રાધનપુર તથા ‘બાળ વિશ્વવિદ્યાલય’ના સંયુક્ત ઉપક્રમે દિ. ૧૭-૦૧-૨૦૧૩ના રોજ સમીના આરોગ્ય કેન્દ્રમાં ‘તપોવન સંશોધન કેન્દ્ર’નું જાણીતા શિક્ષણવિદ શ્રી રવીન્દ્ર દવેના હસ્તે ઉદ્‌ઘાટન થયું. આ ઉદ્‌ઘાટન સમારોહમાં ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ, સલાહકાર શ્રી જ્યોતિબહેન થાનકી, પ્રોજેક્ટ કૉ-ઓર્ડિનેટર શ્રીમતી અનન્યા ભટ્ટાચાર્ય ઉપરાંત સમીના ધારાસભ્ય શ્રી નાગરજીભાઈ ઠાકોર, ભણસાલી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેશભાઈ ભણસાલી સહિત સમી આજુબાજુની સવા બસો જેટલી બહેનો ઉપસ્થિત રહી હતી. મહાનુભાવોએ પોતાનાં વક્તવ્યોમાં આવાં તપોવન કેન્દ્રોની આજના સંદર્ભમાં મહત્તા અને આવશ્યક્તા સમજાવી હતી.

✻ પ્રાથમિક શાળા, બોરીજમાં ચાલી રહેલા કિશોરીમેળામાં ‘બાળવિશ્વ યાત્રા’ પ્રકલ્પ અંતર્ગત ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કાર્યકર્તા તર્પણાબહેન વ્યાસ તેમજ મમતાબહેન શર્માએ દિ. ૧૭-૦૧-૧૩ના રોજ ઉપસ્થિત રહી ‘કન્યા કેળવણીનું મહત્ત્વ’ વિષય પર વક્તવ્ય આપી પ્રેરક નાટક તેમજ ભાવગીતનું ગાન કરાવ્યું હતું.

✻ દિ. ૧૯-૦૧-૧૩ના રોજ ‘દાહોદ ભગિની સમાજ’ તથા ‘બાળ વિશ્વવિદ્યાલય’ના સંયુક્ત ઉપક્રમે વધુ એક (કુલ આઠમું) ‘તપોવન સંશોધન કેન્દ્ર’નું ઉદ્‌ઘાટન ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના વરદ હસ્તે થયું. આ ઉદ્‌ઘાટન સમારોહમાં માર્ટિન યુનિવર્સિટી, અમેરિકાના કો-ઑર્ડિનેટર શ્રી ડૉ. વિમલ પટેલ, ભગિની સમાજના માનદ મંત્રી શ્રી હેમાબહેન શેઠ, દાહોદ નગર સેવા સદનના ઉપપ્રમુખ શ્રી જુમાનાબહેન જામુઆવાલા, અનુભવી ગાયનેક ડૉ. શ્રી બી. કે. પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પ્રાસંગિક વક્તવ્યોમાં વધુ ને વધુ સગર્ભાબહેનો અને નવપરણિત દંપતીઓને તપોવન કેન્દ્રનો લાભ લેવા અનુરોધ કર્યો હતો તેમજ કેન્દ્રની પ્રવૃત્તિઓમાં પોતાના મહત્તમ યોગદાનની તૈયારી બતાવી હતી.



બપોર પછીના સત્રમાં ‘દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી’ (માન્ય વિદ્યાનિકેતન) દ્વારા ‘શિક્ષક-વાલી પ્રશિક્ષણ કાર્યક્રમ’ યોજાયો હતો. જેમાં ૫૦૦ થી વધુ શિક્ષક-વાલીઓની ઉપસ્થિતિમાં ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કુલપતિશ્રીએ સંતાનો પ્રત્યે વાલીઓના દાયિત્વ અને શિક્ષકધર્મ પર પ્રેરક વક્તવ્ય આપ્યું હતું.

❊ જૂન - ૨૦૧૨માં ‘બાળ વિશ્વવિદ્યાલય’ દ્વારા યોજાયેલી બાળવાર્તા સ્પર્ધામાં અલગ-અલગ ચાર વયજૂથ - શિશુ, બાળ, કિશોર, તરુણ-મુજબ ૪૫૬ બાળવાર્તાઓ પ્રાપ્ત થઈ હતી. આ ચારેય વયજૂથમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર કુલ ૧૨ વાર્તાકારોને પુરસ્કૃત કરવા માટે દિ. ૨૧-૦૧-૧૩ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલમાં ‘બાળવાર્તાકાર અભિવાદન સમારોહ’ યોજવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ સ્થાને જાણીતા શિક્ષણવિદ શ્રી રવીન્દ્ર દવે તેમજ અતિથિવિશેષ તરીકે શ્રી મનસુખ સલ્લા અને યૉસેફ મેકવાન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કુલપતિશ્રી દ્વારા તૈયાર કરાયેલા પુસ્તક ‘શૈશવનું સ્મિત’નું વિમોચન જાણીતા સાહિત્યકાર શ્રી રાજેન્દ્ર પટેલના હસ્તે થયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી અનંત શુક્લ અને શ્રી અશોક પ્રજાપતિએ તથા સંચાલન શ્રી મમતાબહેન શર્માએ કર્યું હતું.

